GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

# ગાંધીજીના પ્રેરણાના બળ

પુષ્કર કલોલા
બી.એ (ગુજરાતી),એમ.એ. ગુજરાતી,
ભાષાવિજ્ઞાન પારિતોષિક અને સ્નાતક કક્ષાએ પ્રથમ (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)
ૐ નિવાસ, જયનગર વિસ્તાર,મુ.પો મહિયલ,તા.તલોદ,જિ. સાબરકાંઠા, પિન.૩૮૩૨૧૫
સંપર્ક. ૯૦૨૩૬૬૫૩૧૦, ઈ–મેલ- kalolapushkar1995@gmail.com

---

**સત્યમેવૈશ્વરો લોકે, સત્યે ધર્મઃ સદાશ્રિતઃ સત્ય મૂલાનિ સર્વાણિ, સત્યાન્નાડસિધ્ન પરંપદમ્**

અર્થાતઃ સત્ય એ જ જગતમાં ઈશ્વર છે, સત્યને જ આશરે ધર્મ રહ્યો છે, સત્યમાં જ સર્વ(પદાર્થો)નું મૂળ છે, સત્યથી પર કોઈ પદ નથી. (વાલ્મીકિ રામાયણ–અયોધ્યાકાંડ ૧૦૯–૧૩)

યજ્ઞભાવે કર્મ કરવું, અહંકાર મુક્ત થઈને કર્મ કરવું, નિષ્કામ ભાવે કર્મ કરવું, ઈશ્વર પ્રિત્યર્થે કર્મ કરવું અને યોગસ્થ થઈને સમતા ધારણ કરીને કર્મ કરવું. આમ કર્મને યોગ બનાવવાની જડીબુટ્ટી આપણને ગાંધીજી પાસેથી મળે છે.આપણે જેવું વિચારીએ છીએ એ પ્રમાણે જ કરીએ તથા આપણા જીવનને સ્વર્ગ જેવું દિવ્ય બનાવીએ એ જ સમગ્ર અધ્યાત્મનો વિષય છે.સત્યને ઈશ્વર માનનારા ગાંધીજી શબ્દના માણસ કે કર્મના? માણસ તેઓ વધારે ધર્મના માણસ તરીકે વધારે ઉપસી આવેલ હતા.શબ્દ પણ મોટી શક્તિ છે જે કર્મની પ્રેરનારી શક્તિ છે આમ ક્યારેક શબ્દ પણ કર્મ સમોવડો પણ નિવડે છે સબળપણે અને સફળપણે શબ્દની શક્તિને ભરપૂર પ્રમાણમાં પ્રયોજી છે.ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે કે‘ગાંધીજીની મહત્તા તેમની વીરતા ભરી લડતો છે તે કરતાં વધારે તેમના સદાચારી તપોમય ઈશ્વરપરાયણતા જીવનમાં છે જીવનમાં સદાચાર્ય તપોમય ઈશ્વર પરાયણને વધારે મહત્વ અપાયું છે’ જેને કારણે શબ્દને બળ મળ્યું છે.

ગાંધીજી જેમ પોતાના વ્યક્તિત્વમાં સતત વિકસતા રહ્યા છે તેમ તેમનું લખાણ ઉત્તરો ઉત્તર વિકસતું રહ્યું છે. સત્યની ખોજમાં એમનો આત્મા જેટલો એકરૂપ થતો ગયો તેટલો એમનો શબ્દ પણ પ્રકાશમાન થતો ગયો એમની શબ્દસંપદ એ એક રીતે આત્માની નીપજ સંપદ છે. એવું કહી શકાય ગાંધીજી કોઈ ‘અવતારી પુરુષ નહોતા પણ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

મહામાનવ અવશ્ય હતા.' જીવનને ઘડતર કરવા માટે અનેક પરિબળો હોય છે.પણ બાળપણનો સમય અને જે તે વખતનું વાતાવરણ જીવનને પ્રેરનારા પ્રસંગ બની જતા હોય છે.આત્મસંસ્કારો ઝીલતું બાળક જીવન ઘડતર માટે મુખ્ય પ્રયોજન બનતા હોય છે,આવા જ પ્રયોજનો ગાંધીજી સાથે પણ ઘડતર માટે પ્રેરણારૂપ બન્યા.જીવનમાં જે કોઈ પણ બાળપણના પ્રેરકબળો હતા તે નાનાસુના ન હતા.આમ તે સમયના વાતાવરણનો હિસ્સો પણ ખૂબ જ મહત્વનો હતો તેથી તેમના પુસ્તકોમાં આપણને સત્યનિષ્ઠા જોવા મળે છે. જીવનમાં તેમની વાણીમાં કે સાહિત્યમાં જે સૌથી મોટો વિશેષ ગુણ દ્રષ્ટિગોચર થાય છે તે તેમની અચલ સત્યનિષ્ઠા બાલ્યકાળનું વાતાવરણ વિશેષ કરીને ધાર્મિક હતું.તેમના માતા–પિતાના સંસ્કારો ઉચ્ચકોટીના હતા, જીવનમાં તેઓ નીતિમાન, ધાર્મિક અને સંસ્કારી કોટીના હતા.“જીવનમાં સંસ્કારીતા જાણવા માટે બે જાતની તૈયારીઓ જોઈએ છે સાધનોની અને સાધનાથી આ બેવડી તૈયારી કરી હોય તો જ જીવન શુદ્ધિ અને જીવન સમૃદ્ધિ સાધી શકાય.”સ્વભાવથી બીકણ બાળ મોહન રંભાદાઇ પાસેથી રામનો મંત્ર મેળવ્યો અને આંતરિક ભીતિ દૂર કરી, રામાયણ ભક્ત તેમના કાકાના દીકરા પાસેથી રામ રક્ષાપાઠ શીખી પોરબંદરમાં નિત્ય પારાયણ કરવાનો નિર્ણય કર્યો, તેર વર્ષની ઉંમરે રામજી મંદિરના લાધા મહારાજ પાસે નિત્ય રામાયણ પારાયણ તેઓ રાત્રે સાંભળતા.દુહા–છંદ અને ચોપાઈ તેઓને ગમતા સાથે સાથે શ્રવણના પાત્રની તેમના પર ખૂબ જ ઊંડી અસર થયેલી, રામનામ અને રામચરિત્રએ પણ ઘડનારા પ્રેરકબળ બન્યા. હરિશ્ચંદ્રનું નાટક તેમના જીવનનું મહત્વનું નાટક બન્યું.જેમને અચલ સત્યનિષ્ઠાના બીજ રોકવાનું કામ કર્યું. પિતાજી રાજકોટના પારસી, મુસ્લિમધર્મના મિત્રો સાથે ધર્મચર્ચા કરતાં ત્યારે પાસે 'નર્સ' તરીકે હાજરી આપતા આમ સર્વધર્મસમભાવનું બીજ રોપાયું.

વિલાયતમાં જવાનું થયું ધર્મનું રહસ્ય પણ સમજાયું શામળનો નાનકડો છપ્પો અને સ્વદેશ ભક્તિમાં નવલરામની કવિતાનો ફાળો પણ નોંધવા જેવો છે.અન્નાઆહાર માટે અનેક પુસ્તકો વાંચ્યા, ફ્રેન્ચ ભાષણની કળા અને નાચ શીખવાનું ગજા ઉપર વટનો છીછરો માર્ગ તેમને લીધો પણ તેમાં તેમની ઘણું શીખ્યા, સાથે વિલાયતમાં પોતાના વ્યક્તિત્વને સતત અને સતત ખીલવતા રહ્યા. અન્નઆહારી મંડળની સ્થાપના કરી અને આહાર આરોગ્ય વિષયક લેખો લખ્યા મંત્રી પદ પર રહ્યા મિત્રોની મુલાકાત થઈ ફરીથી અન્ય ધર્મના ધાર્મિકપુસ્તકોનું વાંચન શરૂ કર્યું.લંડન અભ્યાસ દરમિયાન તેમની ઓળખાણ થઈ. ટૉલસ્ટૉય સાથે એક વાક્ય ખૂબ તેમની પર અસર કરી ગયેલું 'એફિલ ટાવરએ મનુષ્યના વિજયનું નહીં પણ મનુષ્યની મૂર્ખાઈનું સ્મારક છે એવી મૂર્ખાઈ તો તંબાકુના ધુમાડાની સૂક્ષ્મ નશાકારી અસર

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

હેઠળ જ આચરી શકાય.'આમ તેમની ૧૮૯૧માં જૂન મહિને પાછા આવતા પ્રાણજીવન મહેતાએ કવિ અને તત્વજ્ઞ રાયચંદભાઈની મુલાકાત કરાવી, તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, શુદ્ધ ચારિત્ર અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ તેમને ખૂબ પ્રેરકબળ બની. તેમને મોકલેલા પુસ્તકોમાં 'The Perfect way' (ઉત્તમ માર્ગ), બાઇબલનો નવો અર્થ, પંચીકરણ, મણિરત્નમાળા, યોગવશિષ્ઠનું 'મુમુક્ષુ પ્રકરણ', હરીભદ્રસૂરીનું ષડ્દર્શન સમુચ્ચય વગેરે મહત્વના પુસ્તકો હતા.આવા તુલનાત્મક અધ્યયનને ગાંધીજીની ધર્મ પ્રત્યેની દ્રષ્ટિ વિકસાવી હતી.ધર્મવિચાર નર્મદનું તે પણ વાંચ્યું હતું તેમાં નર્મદાશંકરના વિલાસી જીવનમાં થયેલા ફેરફારોનું પ્રસ્તાવનામાં થયેલું વર્ણન તેમને આકર્ષી ગયું.'સાધક શાકાહારી, સાદું જીવન જીવનારો, ખુલ્લી હવા–ઉજાસવાળી અને કુદરતના ઘનિષ્ઠ સાનિધ્યવાળી જગ્યામાં રહેનારો તથા શરીરના પોષણ માટે સૂર્ય દ્વારા પાકેલાં વનફળ ખાનારો, રખડપાટ કરનારો, તારાજડિત આકાશનું દર્શન કરનારો, પ્રાણવાન હવાના ભારે વિદ્યુત–પ્રવાહોનું સેવન કરનારો તથા કુદરતી, ખરબચડી, ઘાસવાળી જમીન પર ખુલ્લે પગે ફરી એનો સીધો સંપર્ક સાધનારો તથા પોતાના પગ ધોઈ સ્વચ્છ રાખનારો અને નિર્ભય તથા ઈશ્વર સિવાય બીજા કશાની આસક્તિ ન રાખનારો હોવો જોઈએ, એનામાં પૂરેપૂરી ગરીબાઈ અપનાવવાની અને પવિત્ર જીવન જીવવાની હિંમત હોવી જોઈએ.વળી અપરિગ્રહ, પ્રાર્થના, ધ્યાન, સંયમ, નિર્ભયતા અને સ્વૈચ્છિક ગરીબાઈના વ્રતથી બંધાયને સાધકે  જીવન પર પૂર્ણ વિજય મેળવે ત્યાં સુધી પ્રયત્નશીલ રહેવું જોઈએ.'પૂર્ણત્વને પામવા માટે દરેક મનુષ્ય પોતાનામાં સ્ત્રી અને પુરુષના ગુણો વિકસાવવા જોઈએ.

'The Perfect way' પુસ્તકે ગાંધીજી પર ભારે અસર કરી હતી. બાઇબલની સમજવામાં પણ એ મદદરૂપ થયું. આમ સર્વસ્પર્શી વ્યક્તિત્વવાળું ગાંધીજીનું જીવન કેવી રીતે ઘડાયું તેનો ખ્યાલ એમને કરેલા વાંચનથી આવે છે.એમને જ્યાં–જ્યાં જે–જે ગુણો મળ્યા ત્યાંથી તે–તે ગુણો લઇ પોતાના વ્યક્તિત્વમાં મેળવતા ગયા અને સમૃદ્ધ બનાવતા ગયા.૧૯૦૩માં ગાંધીજીએ મિત્રોની સાથે 'રાજયોગ' અને 'પાંતજલ યોગદર્શન' વાંચ્યા એક જીજ્ઞાશુથી સતત અભ્યાસ કર્યો અને ગીતાના ઊંડા અભ્યાસમાં ઊતર્યા તેમને લખ્યું કે 'સવારના દાતણ અને સ્નાનનો સમય મેં કંઠ કરવાના ઉપયોગમાં લીધો દાતણમાં પંદર મિનિટને સ્નાનમાં વીસ મિનિટ જતી સામેની દીવાલ ઉપર ગીતાના શ્લોકો લખીને ચોંટાડતોને તે જરૂર પ્રમાણે જોતો અને ગોખતો'. જોન રસ્કિનનું 'Unto This Last' પુસ્તક વાંચ્યું તેની અસર પણ ઊંડે સુધી થઈ. હિન્દસ્વરાજ ટૂંકા ગાળામાં લખી તેમનો પણ ભાવ ઠલવ્યો.ટોલ્સટોયને ગાંધીજીએ પોતાના યુગની

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

સત્યમૂર્તિ તથા અહિંસાના પ્રવર્તક તરીકે ઓળખાવી કહેલું કે 'અહિંસાની વિશે જેટલું સાહિત્ય પશ્ચિમને સારું ટોલ્સટોય લખ્યું તેટલું સોંસરવું ચાલી જાય એવું બીજા કોઈએ લખેલું મારી જાણમાં નથી.'દક્ષિણ આફ્રિકામાં૧૯૦૮–૦૯ના વર્ષો દરમિયાન ગાંધીજીએ ઉપાડેલી લડત અંગે તેમને જેલમાં જવું પડ્યું હતું. જેલના એકાંતનો ઉપયોગ કરી તેમને ઘણું વાંચન કર્યું. તેમને લખ્યું છે કે જેલમાં લાઈબ્રેરી માંથી તેમને કાર્લાઈલના પુસ્તક તથા બાઈબલ લીધા મીનો ઇન્ટરપ્રીટર આવતો તેની પાસેથી અંગ્રેજી કુરાનેશરીફ, હકસલીના ભાષણ, બર્ન્સ અને જોન્સન અને સ્કોટની જિંદગીના કાર્લાઈલ લખેલા વૃતાંત, બેકનના નીતિ વિશેના નિબંધો એટલા પુસ્તકો લીધા.પોતાની ચોપડીઓ મણીલાલલલાલ નભુભાઈની ટીકાવાળુ ગીતાનું પુસ્તક, તમિલ પુસ્તકો, મોલવી સાહેબે આપેલ ઉર્દુકિતાબ, ટૉલસ્ટૉયનું લખાણ, રસ્કિન તથા સોક્રેટિસના લખાણ એવા પુસ્તકો હતા. આમાંના ઘણા ખરા પુસ્તકો જેલમાં વાંચ્યા તામિલ અભ્યાસ નિયમસર કરતા.બીજી વખત જેલ ગયા ત્યારે રસ્કિનના બે મહાન પુસ્તકો, થોરોના નિબંધો, બાઈબલનો ભાગ, ગેરીબાલ્ડીનું જીવન (ગુજરાતીમાં) લોર્ડ બેકનના નિબંધ અને હિન્દુસ્તાનને લગતા બે પુસ્તકો વાંચ્યા ભાગવત ગીતાનું નિત્ય અધ્યયન તો ચાલુ જ હતું.ત્રીજી વખત જેલમાં ગયા ત્યારે વેદ–શબ્દ સંજ્ઞા, ઉપનિષદ, મનુસ્મૃતિ, ફિનિક્સમાં છપાયેલા રામાયણ, પાતંજલ યોગદર્શન, નથુરામજીની બનાવેલી અહલાદિકપ્રકાશ તથા પ્રોફેસર પ્રેમાનંદ આપેલી સંધ્યાની ગુટીકા, ગીતાજી તથા શ્રીરાયચંદભાઈના લખાણો વાંચ્યા. 'દાસ કેપિટલ' કાર્લ માકસનું પુસ્તક પણ તેમને વાંચ્યું. સામ્યવાદની અસર તળે સર્વોદયની વિચારધારા પણ મળી.

ઈન્દુલાલ યાજ્ઞિક 'નવજીવન અને સત્ય' નામનું માસિક પોતાના હાથમાં લઈ 'નવજીવન'નીરૂપે એમને સંપાદિત કર્યું. ગાઢ અંધકાર ભર્યા માર્ગમાં પ્રવેશી ચૂક્યા છો અને આગળ ક્યાં જવું, કેવી રીતે જવું તેની કોઈ જ દિશા જો મળી રહી નથી. આવા આ અંધકાર ભર્યા માર્ગમાં એક પછી એક લોકો તેમના હાથમાં દીવો લઈને દિશા ચીંધવા ઉપરાંત ઉજાશ તરફ આગળ લઈ જાય તો મુક્તિનો કેવો અહેસાસ થાય? બસ.. અજ્ઞાનરૂપી અંધકારથી અજવાળા તરફ લઈ જનારા આ વ્યક્તિ ગાંધી અને સાત્વિક અને સ્થિતપ્રજ્ઞ જેવું બનાવવા તેમને સંયમી લખાણની મહત્તા સમજાવી એમના સાપ્તાહિકોમાં મીતાક્ષરી, સુબોધ, ગદ્યશૈલી દ્વારા દેશના અનેક પ્રશ્નોની છણાવટ એમને કરી તેમના સ્પષ્ટ, સરળ અને આડંબર વિનાના લખાણોએ પ્રજા માનસની ઘડવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે.આ રીતે ગાંધીજીનું વાંચન અત્યંત વિશાળ હતુ, અને એ વાંચનથી એમને જુદે–જુદે સમયે કરેલું એમના જીવનઘડતરમાં એમના

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

માનસઘડતરમાં એમની વિચારસરણીમાં આકાર આપવામાં આ વાંચનથી પણ સારી એવી અસર પડેલી અને ગાંધીજીનું ઘડતર જાત–જાતના પુસ્તકોએ કરેલું પરિણામે ગાંધીજીના લખાણમાં અને ભાષણમાં અસર એટલી વ્યાપક હતી કે જીવનકાળ દરમ્યાન દુનિયાએ એમની આદર્શવાદ રહી અને ઊંડી કદર કરી.મનમાં જે ઈચ્છા જાગે છે તે પૂરી કરવા શરીરની સમગ્ર શક્તિ કામમાં લાગી જાય છે.નિર્ણય, અવલોકન, સંશોધન, આકર્ષણ, ચિંતન, કલ્પના વગેરે મનની અસંખ્ય શક્તિઓ એ દિશામાં પોતાના પ્રયત્નો આરંભી દે છે. તે બન્યું ગાંધીજી સાથે....

**સંદર્ભ**


- ગાંધીયુગનું ગદ્ય –દલપત પઢિયાર
- ગાંધીજીનું સાહિત્ય – રમણ મોદી
- સત્યના પ્રયોગો (આત્મકથા) – ગાંધીજી
- સાહિત્ય રત્ન ભાગ –૧ સંપાદક– ઈશ્વરલાલ ખાનસાહેબ ૩૨ મી આવૃત્તિ –૧૯૫૪
- મંગળ પ્રભાત – ગાંધીજી